# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે ભુજમાં આવેલા સ્મૃતિવનની મુલાકાત લેવા દેશવાસીઓને અનુરોધ કર્યો.**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગાંધીનગરમાં 708 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.**
3. **કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે- ત્રિરંગા યાત્રા સહિત વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.**
4. **લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ સાથે આજે વિશ્વ હાયપરટૅન્શન દિવસ મનાવાશે.**
5. **ઉત્તર-દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળ પર આજે વરસાદની આગાહી.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# RAJNATH SINGH BHUJ

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કચ્છના ભુજમાં આવેલા સ્મૃતિવનની મુલાકાત લેવા દેશવાસીઓને અનુરોધ કર્યો છે. વર્ષ 2001માં ધરતીકંપમાં જીવ ગુમાવનારા લોકોની યાદમાં બનાવવામાં આવેલા સ્મારક સ્થળ અને સંગ્રહાલય સ્મૃતિવનની મુલાકાત દરમિયાન ગઈકાલે શ્રી સિંઘે આ મુજબ જણાવ્યું હતું.

## (BYTE- RAJNATH SINGH, DENENCE MINISTER)

આ પહેલા શ્રી સિંઘે ભુજમાં વાયુસેના મથક ખાતે જવાનો સાથે મુલાકાત કરી. દરમિયાન તેમણે ઑપરેશન સિંદૂરમાં ભારતીય સેનાની ત્વરીત અને નિર્ણાયક કાર્યવાહીની પ્રશંસા કરી. તેમણે કહ્યું, ઑપરેશન સિંદૂરે આતંકવાદ સામે એક સખત સંદેશ આપ્યો છે અને ભારતની સૈન્ય શક્તિ અને તૈયારીઓને પણ દર્શાવી છે. ભારતની વાયુસેના પાકિસ્તાનના દરેક ખૂણામાં પહોંચવામાં સક્ષમ છે એ આ ઑપરેશન સિંદૂરે સાબિત કર્યું છે એમ પણ શ્રી સિંઘે ઉમેર્યું હતું.

---

# DWARKA BLACKOUT

દેવભૂમિ દ્વારકા જિલ્લાના આકાશમાં ગઈકાલે શંકાસ્પદ હિલચાલ જોવા મળી. અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે , વાડીનાર પંથકમાં ડ્રોન દેખાયા હોવાની વાત સામે આવતા લોકોએ સાવચેતીના ભાગરૂપે સ્વયંભૂ બ્લેકઆઉટ એટલે કે અંધારપટ કરી દીધું હતું. એક ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ , આ અંગે તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

---

# AMIT SHAH GUJ VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે આવશે. સત્તાવાર માહિતી મુજબ, શ્રી શાહ આજે ગાંધીનગરમાં 708 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. સાંભળીએ અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતાનો અહેવાલ.

(VOICE CAST- DURGESH MEHTA, PTC, GANDHINAGAR)

શ્રી શાહ આવતીકાલે અમદાવાદ અને મહેસાણાના વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ મહેસાણામાં શ્રીમતી એસ. સી અને શેઠ ડી એમ સાર્વજનિક ટ્રસ્ટ, ગોઝારિયા સંચાલિત શ્રી કે. કે. પટેલ અને શ્રીમતી મધુબેન કે. પટેલ નર્સિંગ મહાવિદ્યાલયના નવનિર્મિત મકાનનું ઉદ્ઘાટન કરશે.

---

# SABARMATI RIVER CLEAN

અમદાવાદની સાબરમતી નદીને આગામી પાંચ જૂન સુધી સાફ કરવાનું અભિયાન હાથ ધરાયું છે. તે અંતર્ગત સફાઈ દરમિયાન નદીમાંથી નીકળતા કચરાને મહાનગરપાલિકાના રેફ્યૂઝ સ્ટેશન ખાતે અલગ કરવામાં આવી રહ્યો છે. ત્યાંથી આ કચરાને સીધો વેસ્ટ ટૂ એનર્જી અને વેસ્ટ ટૂ પ્લાસ્ટિક એમ બંને પ્લાન્ટમાં મોકલવામાં આવે છે. અમારા પ્રતિનિધિ જણાવે છે, ગઈકાલે બીજા દિવસે

ત્રણ હજાર સાત સો નેવ્યાસી લોકો દ્વારા કરાયેલી સફાઈ દરમિયાન નદીમાંથી 42 ટન જેટલો કચરો એકત્રિત કરાયો.

---

# MANSUKH MANDAVIYA VISIT

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા આજથી બે દિવસ પોરબંદર લોકસભા વિસ્તારના પ્રવાસે રહેશે. શ્રી માંડવિયા આજે સવારે જેતપુરના મેવાસા ખાતે યોજાનારા ‘સેવાસેતુ’ કાર્યક્રમમાં લાભાર્થીઓ સાથે સંવાદ કરશે. ત્યારબાદ બપોરે તેઓ જુનાગઢ ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠકમાં અને કેશોદ ખાતે યોજાનારી ‘ત્રિરંગા યાત્રા’માં ઉપસ્થિત રહેશે.

ત્યારબાદ શ્રી માંડવિયા સાંજે કેશોદના બાલાગામ ખાતે યોજાનારા ‘સેવાસેતુ’ કાર્યક્રમમાં લાભાર્થીઓ સાથે સંવાદ કરશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે. શ્રી માંડવિયા આવતીકાલે સવારે રાજકોટના ઉપલેટા ખાતે તેમના ‘શ્રી ગોરસ’ સાંસદ કાર્યાલય ખાતે કાર્યકર્તાઓ અને નાગરિકો સાથે મુલાકાત કરી તેમના પ્રશ્નો સાંભળશે.

---

## SUMMER SCIENCE ENRICHMENT PROGRAM – AHMEDABAD

અમદાવાદના સાયન્સ સિટી દ્વારા આગામી 31 મે સુધી સમર સાયન્સ એનરિચમેન્ટ પ્રોગ્રામ - 2025નું આયોજન કરાયું છે, જેમાં 14 થી 18 વર્ષના વિદ્યાર્થીઓ નિ:શુલ્ક ભાગ લઈ શકશે. આ કાર્યક્રમમાં વિજ્ઞાન તથા ટેક્નોલોજી

આધારિત વિવિધ કાર્યશાળા યોજાશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા વિદ્યાર્થીઓ સાયન્સ સિટીની વેબસાઈટ પર ઓનલાઇન નોંધણી કરાવી શકશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

# WORLD HYPERTENSION DAY

આજે 17 મે એટલે વિશ્વ હાયપરટેન્શન દિવસ. વર્તમાન યુગમાં હાયપરટેન્શનનું પ્રમાણ લોકોમાં વધી રહ્યું હોવાથી તેના પ્રત્યે જનજાગૃતિ લાવવા આ દિવસ મનાવવામાં આવે છે. સાંભળીએ એક અહેવાલ.

## (VOICECAST- KARAN MAKWANA)

*લોહીના ઊંચા દબાણને સામાન્ય રીતે હાયપરટેન્શન તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા- W.H.O. દ્વારા આ વર્ષે આ દિવસની ઉજવણી માટે ‘તમારા બ્લડપ્રેશરને સચોટ રીતે માપો, તેને નિયંત્રિત કરો , લાંબુ જીવો ’ વિષયવસ્તુ નક્કી કરવામાં આવી છે. આ વિષયવસ્તુ નિયમિત અને સચોટ બ્લડપ્રેશર એટલે કે લોહીનું દબાણ માપવા પર ભાર મૂકે છે. બ્લડપ્રેશરનું યોગ્ય નિરીક્ષણ કરી હાયપરટેન્શનને વહેલા ઓળખી શકીએ છે અને તેને અસરકારક રીતે સંચાલિત કરવા જરૂરી પગલાં લઈ શકાય છે. ઉપરાંત જીવનશૈલીમાં ફેરફાર , દવા અને સતત દેખરેખ દ્વારા બ્લડપ્રેશરને નિયંત્રિત કરવાથી હૃદય રોગ , સ્ટ્રોક અને કિડની નિષ્ફળતા જેવી ગંભીર સ્વાસ્થ્ય જોખમોને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે.*

**સમાચાર વિભાગથી કરણ મકવાણા, આકાશવાણી, અમદાવાદ.)**

---

# TIRANGA YATRA DISTRICT

ઑપરેશન સિંદૂરની સફળતા બદલ ભારતીય સેનાને બિરદાવવા રાજ્યભરમાં આગામી 23 મે સુધી ત્રિરંગા યાત્રાનું આયોજન કરાયું છે.

ભાવનગરના શિહોરમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ ગઈકાલે ત્રિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું. તેમણે કહ્યું , 'ઓપરેશન સિંદૂર' દ્વારા ભારતીય સેનાએ પાકિસ્તાનમાં આતંકવાદીઓના ઠેકાણા પર મિસાઈલ વરસાવી સેંકડો આતંકવાદીઓનો ખાત્મો કર્યો છે.

સાબરકાંઠાના હિંમતનગરમાં શૌર્યવાન અને પરાક્રમી ભારતીય સેનાની કાર્યવાહીને બિરદાવવા ત્રિરંગા યાત્રા યાત્રા યોજાઈ. જિલ્લા પંચાયત પ્રમુખ ભારતી પટેલે વૈશાલી મેદાન ખાતેથી યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

છોટાઉદેપુરમાં ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાએ ત્રિરંગા યાત્રાના ભાગરૂપે બાઈક રેલીને પ્રસ્થાન કરાવ્યું. તો જુનાગઢ શહેરમાં શહીદ સ્મારક ખાતેથી ત્રિરંગા યાત્રા યોજાઈ. જ્યારે ભરૂચના અંકલેશ્વરમાં યોજાયેલી ત્રિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા.

---

# GUJARAT HIGH COURT EXAM

રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા દ્વારા આવતીકાલે રાજ્યના વિવિધ કેન્દ્રો ખાતે ગુજરાત વડી અદાલતની નાયબ સેક્શન અધિકારી અને બેલિફની લેખિત પરીક્ષા યોજાશે. તે અંતર્ગત રાજકોટ શહેરમાં વિવિધ શાળાઓ-કોલેજો ખાતેના 12 કેન્દ્રમાં આ

પરીક્ષા શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે શહેર પોલીસ કમિશનર દ્વારા પ્રતિબંધાત્મક આદેશ જાહેર કરાયા છે.

---

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં આ વખતે ચોમાસું વહેલું આવવાની આગાહી વ્યક્ત કરી છે. દરમિયાન આજે અરવલ્લી , પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ , દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર વરસાદની શક્યતા છે. આ ઉપરાંત રાજકોટ , અમરેલી અને ભાવનગરમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે એમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE- DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

રાજ્યમાં ગઈકાલે કેટલાક જિલ્લામાં કમોસમી વરસાદ વરસ્યો. સત્તાવાર યાદી મુજબ , સવારે છ વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા સુધી માત્ર ચાર તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો. દરમિયાન સૌથી વધુ બે ઈંચ વરસાદ નર્મદાના સાગબારા તાલુકામાં નોંધાયો.

---

# BHAVANAGAR CROP SURVEY

ભાવનગર જિલ્લાના તમામ તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની દેખરેખ હેઠળ 80 જેટલી ટુકડી દ્વારા કમોસમી વરસાદથી થયેલ પાક નુક સાનીનો સ રવે હાથ ધરાયો છે. સ રવે પૂર્ણ થયા બાદ 33 ટકા કે તેથી વધુના પાક નુકસાન બદલ વળતર ચૂકવાશે. ઉલ્લેખનીય છે કે કમોસમી વરસાદથી તલ , ડુંગળી અને બાજરી સહિતના ઉનાળુ પાકો તથા કેરી અને લીંબુ સહિતના બાગાયતી પાકોને મોટું નુકસાન થયું છે.

---